For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



માતા ઓલપાડ તા.પં.ની ન્યાય સમિતિની અધ્યક્ષ

# 10થી 15 વાહનો ઉડાવનાર ઓલપાડ ભાજપની નેત્રીનો નબીરો પુત્ર જ હતો



**નીરિક્ષા** રાઠોડનો પુત્ર નશાની હાલતમાં હોવાનું તપાસમાં બહાર આવ્યું

**રેસ** લગાવી ભરચક વિસ્તારમાં 100 કિમીની ઝડપે કાર દોડાવી

### ઓલપાડથી 40 કિમી દૂરથી સુરત આવી મિત્રના ઘરે દારૂ પીધો હતો

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી યશ રાઠોડ ઓલપાડમાં કરિયાણાની દુકાન ચલાવે છે. તે ઓલપાડથી અંદાજે 40 કિલોમીટર દૂર સુરત પોતાના મિત્રને મળવા માટે આવ્યો હતો. સુરત આવી મિત્રના ઘરે બંનેએ દારૂની મહેફિલ માણી હતી. નશામાં ધૂત થયા બાદ બંને મિત્ર કાર લઈને રોડ પર નીકળી પડ્યા હતા અને પાલનપુર પાટિયા જેવા ગીચ વિસ્તારમાં રેસ લગાવી હતી.

### લાઈસન્સ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે

પુષ્પક સોસાયટીના પ્રમુખ રણછોડભાઈ પ્રજાપતિના જણાવ્યા અનુસાર, રાત્રે આશરે 10.30થી 11 વાગ્યાના અરસામાં બે કાર વચ્ચે રેસિંગ ચાલી રહી હતી. કારની ઝડપ અંદાજે 80થી 100 કિલોમીટર પ્રતિ કલાક હોવાનો તેમણે દાવો કર્યો હતો. બંને કારચાલકો નશામાં હોય તેવું જણાતું હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.પણ આ મામલે અડાજણ પીઆઈ બે કાર રેસ લાગી હોવાની વાતને નકારી હતી.અને વધુમાં જણાવ્યું હતું કે જે બાઈકો નુકશાન થયું છે તેના માલિકો પણ ફરિયાદ કરવા તૈયાર ન હતા પણ પોલીસ જાતે ફરિયાદી બની છે અને આગામી દિવસોમાં યશનું લાયસન્સ રદ કરવા માટે પણ કાર્યવાહી કરવામાં આવશે.

સુરતઃ પાલનપુર પાટિયા વિસ્તારમાં મોડી રાત્રે બે કાર વચ્ચે રેસ લાગતા એક કારે 10થી 15 જેટલા વાહનો ઉડાવી દીધા હતા. જેમાં લોકોએ બેને સ્થળ પરથી પકડી પોલીસને હવાલે કર્યા હતાં. આ બે પૈકી એક સ્કોર્પિયો ચાલક ઓલપાડ તાલુકા પંચાયતની ન્યાય સમિતિના અધ્યક્ષ નિરીક્ષા અતુલ રાઠોડ છે. જેની પોલીસે ધરપકડ કરી છે. પોલીસે પ્રોહિબિશન અને બેદરકારીપૂર્વક વાહન ચલાવવા અંગેની જોગવાઈઓ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગત ૨૮ ઓક્ટોબરની રાત્રે અડાજણ આઈ.એન. ટેકરાવાલા સ્કૂલની બાજુમાં આવેલા 'લુટો ક્રિએશન' નામના દુકાન આગળ જાહેર રોડ પર એક કાળા રંગની સ્કોર્પિયો ગાડી (નંબર GJ-05-RZ-0013) ના ચાલકે ત્યાં પાર્ક કરેલા ટુ-

...અનુસંધાન પાના ૧૧ પર

શું જાતે નાણાં ખર્ચવાના હોત તો કોર્પોરેટરો, અધિકારીઓ આટલા મોંઘા ભજિયાં ખાતે?

# કોર્પો.- અધિકારીઓ લોકોના પરસેવાના 1 લાખ રૂપિયાનાં ભજિયાં ઝાપટી ગયા!

**મનપાની** સામાન્ય સભામાં ચંદી પડવાના નામે 'મિલીભગત'માં ઉજાણી કરાઈ

**કોર્પોરેટરો** અને અધિકારીઓએ મફતમાં મળતાં હોવાથી બજારમાં 500નો ભાવ હોવા છતાં પણ 750 રૂપિયાનાં ભાવના ભજિયાં ખાધાં

સુરતઃ પ્રજા પાસેથી એક-એક રૂપિયાનો ટેક્સ વસૂલતી સુરત મહાનગરપાલિકાના શાસકો અને અધિકારીઓ સરકારી તિજોરી પર કેવા બેફામ તાગડધિન્ના કરી રહ્યા

...અનુસંધાન પાના ૧૧ પર

### બજારમાં રૂ.350 અને મનપાના બાબુઓ માટે રૂ.750 ! ભ્રષ્ટાચાર કે ખુલ્લી લૂંટ?

સુરતમાં ઉત્તમમાં ઉત્તમ ગુણવત્તાના ભજીયા પણ રૂ.350થી રૂ.500 પ્રતિ કિલોના ભાવે આસાનીથી મળી રહે છે. પરંતુ મનપાના વૈભવી શાસકોની દાઢ એવી સળકી કે તેમને સામાન્ય ભજીયા ગળા નીચે ઉતર્યા નહીં. તેમણે ખાસ રૂ.800ના તોતિંગ ભાવવાળા ભજીયા પસંદ કર્યા. આટલી જંગી માત્રામાં ખરીદી હોવા છતાં વહીવટી તંત્રને માત્ર રૂ.50નું હાસ્યાસ્પદ 'ડિસ્કાઉન્ટ' મળ્યું અને રૂ.750ના ભાવે 130 કિલો

...અનુસંધાન પાના ૧૧ પર

### ઘારી કરતાં ભજિયાં 5 ગણા મોંઘાં સાબિત થયા: વિવેકબુદ્ધિનું દેવાળું

ચંદી પડવા જેવા સુરતીઓના પોતીકા તહેવારે પીરસાયેલી શુદ્ધ ઘીની સુરતી ઘારી રૂ.800 પ્રતિ કિલોના ભાવે આવી હતી અને તેનું બિલ અંદાજે રૂ.20,000 થયું હતું. પરંતુ તેની સામે માત્ર બેસન અને તેલમાંથી બનતા ભજીયાનું બિલ ઘારી કરતાં પાંચ ગણું–એટલે કે પૂરા રૂ.1 લાખ ચૂકવાયું! મીઠાઈ કરતાં સામાન્ય ફરસાણ પાછળ પાંચ ગણો ખર્ચ કરવો એ મનપા શાસકોની વહીવટી લાપરવાહી અને વિવેકબુદ્ધિના દેવાળા સિવાય બીજું કંઈ નથી.

# સુરતના 5 કાર ડેકોર ઓપરેટરોની 2 કરોડથી વધુની GST ચોરી પકડાઈ

**કોટિંગના** કામનાં કાચાં બિલ બનાવી કરચોરી કરતા પકડાયા

18% GST ચોરી કરવા કેશ વ્યવહાર કરાતો હતો

સુરતઃ સુરત શહેરમાં લક્ઝરી કાર ડેકોરના નામે ચાલતા મોટા GST કૌભાંડનો SGST વિભાગે પર્દાફાશ કર્યો છે. શહેરના પાંચ જાણીતા કાર ડેકોર ઓપરેટરોની મળી 2 કરોડ રૂપિયાથી વધુની કરચોરી પકડાઈ છે. કાર ડેકોર ઓપરેટરો કાર કોટિંગના કામનાં કાચાં બિલ બનાવી સરકારને ચૂનો ચોપડતા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ કાર પર સિરામિક કોટિંગ, PPF કોટિંગ, રેપિંગ અને અન્ય ડેકોર વર્ક સર્વિસ કેટેગરીમાં આવે છે અને તેના પર 18% GST લાગુ પડે છે. પરંતુ સુરતનાં આ પાંચ સેન્ટર આ GST ભરવાનું ટાળવા માટે ગ્રાહકો પાસેથી રોકડા રૂપિયા લઈ લેતા હતા અને પાકાં બિલ બનાવતા ન હતા. કેટલાક કિસ્સામાં માત્ર મટિરિયલની કિંમત બતાવવામાં આવતી હતી, જ્યારે લેબર ચાર્જ અને નફો છુપાવી દેવાતો હતો. SGST સૂત્રોના જણાવ્યા મુજબ એક કારના કોટિંગ પાછળ 50 હજારથી 1.5 લાખ રૂપિયા સુધીનો ચાર્જ લેવાય છે. દરેક સેન્ટર રોજની 5-6 કારમાં કામ કરતું હોવા છતાં માસિક ટર્નઓવર ખૂબ ઓછું બતાવતું હતું. આ પાંચેય સેન્ટરોનાં બેંક ખાતાં, સ્ટોક રજિસ્ટર અને બિલ બુક કબજે કરી તપાસ કરતા આ કરચોરી બહાર આવી હતી. હાલ તમામ ઓપરેટરોને કારણદર્શક નોટિસ આપવામાં આવી છે અને તેમની પાસેથી છેલ્લાં બે વર્ષના હિસાબો મંગાવવામાં આવ્યા છે. આ રકમ હજુ વધે તેવી શક્યતા છે.

# મારામારી કરી રહેલા માથાભારેને અટકાવવા જતાં પોલીસકર્મીને બચકાં ભરી લીધાં

**લિંબાયતમાં** ઝઘડો થતો હોવાની માહિતીથી પહોંચેલી પોલીસ સામે માથાભારે સોનુએ હોબાળો મચાવ્યો

**પીએસઆઈ** જાડેજાએ તેને ગાડીમાં બેસાડવાનો પ્રયાસ કર્યો તો એએસઆઈને ખભા અને આંગળી પર બચકાં ભર્યા

સુરતઃ શહેરના લિંબાયત વિસ્તારમાં મારામારી અને જાતિવિષયક અપશબ્દો બોલવાની ઘટનાની તપાસ કરવા ગયેલી પોલીસ ટીમ પર જ હુમલો થવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે.

...અનુસંધાન પાના ૧૧ પર

### ઘરમાં ભરાઈ રેલિંગમાં પગ ફસાવ્યા, પોલીસે સંયમ દાખવી દબોચી લીધો

હુમલા બાદ આરોપીની માતાની તબિયતનું બહાનું કાઢી તેના પરિચિતો તેને ઘરમાં લઈ ગયા હતા. ઘટનાની ગંભીરતા જોતાં પોલીસ ઇન્સ્પેક્ટર ડી.ડી. ચૌહાણ પણ કાફલા સાથે સ્થળ પર પહોંચ્યા હતા. પોલીસે ઘરમાં જઈ તેને શાંતિથી તાબે થવા સમજાવ્યો હતો, પરંતુ તે સીડીની રેલિંગમાં પગ ભરાવી બૂમાબૂમ કરવા લાગ્યો હતો. અંતે, પોલીસે ભારે જહેમત અને સંયમ દાખવી તેને ઝડપી લીધો હતો. ઇજાગ્રસ્ત એ.એસ. આઈ. પિતામ્બર પાટીલને તાત્કાલિક સારવાર માટે ગેલેક્સી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# 'મારી બહેન સાથે વાતચીત કરતો નહીં' કહી ધો.11ના વિદ્યાર્થીને ચપ્પુ મારી દીધું

**પરીક્ષા** આપીને નીકળેલા 16 વર્ષના વિદ્યાર્થીને વાત કરવા માટે સિવિલ હોસ્પિટલ પાછળ સર્વિસ રોડ પર બોલાવ્યો

**વિદ્યાર્થીએ** અગાઉથી જ વાતચીત બંધ કરી દીધી હોવા છતાં પણ કુણાલ નામના યુવાને તેની પર ચપ્પુથી હુમલો કર્યો

સુરતઃ શહેરના ખટોદરા વિસ્તારમાં અગાઉ યુવતી સાથે થયેલી વાતચીતની અદાવત રાખી ધોરણ-11માં અભ્યાસ કરતા 16 વર્ષીય વિદ્યાર્થી પર ચપ્પુ વડે હુમલો કરવાની ચકચારી ઘટના સામે આવી છે. શાળાએથી

...અનુસંધાન પાના ૧૧ પર

### 'હવે વાત નહીં કરું'ની ખાતરી આપી છતાં પીઠ પાછળ ચપ્પુ માર્યું

મોહન સિવિલ હોસ્પિટલ પાછળ યુનિક હોસ્પિટલની સામે સર્વિસ રોડ પર માટલાની દુકાન પાસે પહોંચ્યો હતો. ત્યાં કુણાલે બંને સગાં-સંબંધી થતા હોવાનું જણાવી પોતાની બહેન અવંતિકા સાથે મેસેજ પર વાત ન કરવા બાબતે કહ્યું હતું. મોહને પોતે અગાઉથી જ વાતચીત બંધ કરી દીધી હોવાનું સ્પષ્ટ કર્યું હતું અને ભવિષ્યમાં પણ ક્યારેય વાત નહીં કરે તેવી ખાતરી આપી હતી. આટલી વાતચીત પતાવી મોહન જેવો પોતાની મોપેડ પર બેસીને જવા નીકળતો હતો, તે જ સમયે કુણાલે અચાનક પાછળથી તેના કમરના ડાબા ભાગે ચપ્પુ મારી દીધું હતું. હુમલો કર્યા બાદ આરોપી કુણાલ ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

### લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડાયો, પોલીસે ગુનો નોંધ્યો

હુમલામાં ગંભીર રીતે ઇજાગ્રસ્ત મોહન લોહીલુહાણ હાલતમાં નજીકમાં તેના મિત્ર હિમેશના ભાઈ પ્રદીપની લારી પાસે પહોંચ્યો હતો, જ્યાંથી તેને તાત્કાલિક સારવાર માટે નિર્મલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બીજી તરફ ઘટનાની જાણ થતાં મોહનની માતા ભાવિનીબેન પણ હોસ્પિટલ દોડી ગયાં હતાં. સમગ્ર ઘટનાની જાણ થયા બાદ તેમણે ખટોદરા પોલીસ સ્ટેશનમાં કુણાલ ભીખુભાઈ પટેલ સામે ફરિયાદ નોંધાવી હતી. આ મામલે ખટોદરા પોલીસે ગુનો નોંધી આરોપી સામે આગળની તપાસ હાથ ધરી છે.

# સુરતની કોર્ટોમાં ૧.૩ લાખ પડતર કેસ

**દેશના** પેન્ડિંગ કોર્ટ કેસના હોટસ્પોટમાં સુરતને પણ સમાવાયું




સુરત : રાષ્ટ્રીય સ્તરની સમીક્ષામાં જાણવા મળ્યું છે કે અમદાવાદ જિલ્લા અદાલતોમાં કેસોની પડતર સંખ્યા (પેન્ડન્સી) મામલે દેશમાં આશરે ૩.૬ લાખ પડતર કેસો સાથે ચોથા ક્રમે છે. કાયદા અને ન્યાય મંત્રાલય, ભારત સરકાર દ્વારા 'હોટસ્પોટ' તરીકે ઓળખાયેલા ૧૦૦ ન્યાયિક જિલ્લાઓમાં ગુજરાતના બીજા જિલ્લા તરીકે સુરત આશરે ૧.૩ લાખ પડતર કેસો સાથે ૮૦મા ક્રમે છે.

મંત્રાલયના નિર્દેશોને પગલે, જિલ્લા અને તાબાની અદાલતોમાં કેસોની પડતર સંખ્યા ઘટાડવા માટેના દેશવ્યાપી, સંશોધન-આધારિત મિશનના ભાગરૂપે, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (GNLU) અમદાવાદ અને સુરત જિલ્લા અદાલતો સાથે મળીને અડચણોની ઓળખ કરશે અને વિલંબના કારણોનું વિશ્લેષણ કરશે, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ઉપલબ્ધ ડેટા અનુસાર, ટોચના પાંચ જિલ્લાઓમાં ઉત્તર પ્રદેશના ત્રણ અને પશ્ચિમ બંગાળ તથા ગુજરાતનો એક-એક જિલ્લો શામેલ છે. ન્યાયતંત્રના ડેશબોર્ડ ડેટા દર્શાવે છે કે અમદાવાદ જિલ્લાના પડતર કેસોમાંથી આશરે ૫% કેસ ૧૦ વર્ષથી વધુ જૂના છે, જ્યારે આશરે ૧૦% કેસ પાંચથી ૧૦ વર્ષથી પડતર છે.

આ મહિનાની શરૂઆતમાં, કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રાલયે જણાવ્યું હતું કે હોટસ્પોટ જિલ્લાઓની ઓળખ કરીને અને વધુ મુકદ્દમાનો બોજ ધરાવતા ટોચના ૧૦૦ ન્યાયિક જિલ્લાઓને લક્ષ્ય બનાવીને દેશવ્યાપી કવાયત શરૂ કરીને પડતર કેસોનો નિકાલ કરવામાં આવશે. મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલી યાદીમાં જણાવાયું છે કે, 'દેશભરની અદાલતોમાં ૫.૮ કરોડથી વધુ કેસો પડતર છે, જેમાંથી મોટા ભાગના કેસો જિલ્લા અને તાબાની અદાલતોમાં છે. વધુમાં, ઓળખવામાં આવેલા આ ૧૦૦ જિલ્લાઓ સમગ્ર જિલ્લા અદાલતોની કુલ પડતર સંખ્યાના અડધાથી વધુ હિસ્સા માટે જવાબદાર છે.'

### ૧૯ નેશનલ લો યુનિવર્સિટીઓની બેઠકનાં સૂચનો

- નિરર્થક કેસોની ઓળખ કરવી
- કેસ પ્રોફાઇલિંગ કરવા
- વૈકલ્પિક વિવાદનું નિવારણ
- મુદ્દતની તારીખોનું નું સંચાલન
- પ્લી બાર્ગેનિંગ (ગુનો કબૂલી લેવો)
- મધ્યસ્થી આધારિત સમાધાન
- સમરી ટ્રાયલ પ્રક્રિયા

### અમદાવાદ અને સુરત જિલ્લા અદાલતના અધિકારીઓ સાથે કામ કરશે

GNLU ના ડાયરેક્ટર પ્રો. એસ. શાંથાકુમારે જણાવ્યું હતું કે યુનિવર્સિટી આ પહેલ હેઠળ અમદાવાદ અને સુરત જિલ્લા અદાલતના અધિકારીઓ સાથે કામ કરશે. તેમણે કહ્યું, "વિચાર એ છે કે પડતર કેસોનું મૂલ્યાંકન કરવું, વિલંબના મુખ્ય કારણો ઓળખવા અને પેન્ડન્સી ઘટાડવા માટે સંભવિત વ્યૂહરચના સૂચવવી." અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓ ફેકલ્ટી સભ્યો અને વરિષ્ઠ વિદ્યાર્થીઓની ટીમ સાથે આ પ્રોજેક્ટનું નેતૃત્વ કરશે. તેમણે જણાવ્યું હતું કે ન્યાયિક સત્તાવાળાઓ સાથેની પ્રાથમિક કામગીરીમાં વિવિધ કારણોસર પડતર કેસોમાં ગુનાહિત (ક્રિમિનલ) કેસોનું પ્રમાણ વધુ હોવાનું બહાર આવ્યું છે. પ્રો. શાંથાકુમારે કહ્યું, "કેટલાક કેસોમાં પક્ષકારો હવે હાજર નથી, કેટલાકમાં દસ્તાવેજોનો અભાવ છે, રજૂઆતનો અભાવ છે અથવા તકનીકી સમસ્યાઓ છે. કેસોનું વિશ્લેષણ આપણને ચોક્કસ કારણો ઓળખવામાં મદદ કરશે."



**સમગ્ર** દેશમાં માત્ર સુરતમાં જ આ પાંચમના દિવસે ઘરના તમામ જાળા દૂર કરી દેવામાં આવતા હતા

**જે** ઘરમાં જાળા હોય ત્યાં લક્ષ્મી નથી પધારતા તેવી માન્યતાને લીધે ધનતેરસ પહેલા સફાઇ થઇ જતી હતી

# આજની પાંચમ દેશમાં માત્ર સુરતમાં જ 'જાળા પાંચમ' તરીકે ઉજવાય છે



કિરિટ મેઘાવાલા | વંદન વિપિન વ્યાસ

સુરત : જ્યારે પણ તહેવાર કે વ્રતની વાત આવે ત્યારે સુરત અલગ તરી આવતું હોય છે. માત્ર ચંડીપડવો કે વાસી બળેવની વાત નથી. આ શહેરમાં જાળા પાંચમની પણ ઉજવણી થાય છે. શરદપૂનમ પછી આવતી પાંચમને જાળા પાંચમ તરીકે ઉજવવામાં આવે છે.

આજે લાભપાંચમ અને દિવાળી પહેલાની પાંચમ છે જેને સુરતીઓ જાળાપાંચમ તરીકે ઉજવે છે. આ અંગે સગરામપુરા હનુમાન શેરીમાં આવેલા રોકડિયા હનુમાન મંદિરના

...અનુસંધાન પાના ૧૧ પર

psj પચ્ચીગર એન્ડ સન્સ જ્વેલર્સ (સ્નેહલભાઈ)
22 Kt (916) સોનાનો આજનો ભાવ
સૌથી ઓછો ભાવ
₹126900/-
પ્રતિ 10 ગ્રામ
મજુરી 8% થી શરૂ
૭ ખાંડવાલા એસ્ટેટ, આસોપાલવની બાજુમાં, પાર્લે પોઈન્ટ, સુરત.
MO : 98251 35630

॥ શ્રી સુરતી મોઢવણિક અવસાન – પ્રાર્થના સભા ॥



અત્યંત દિલગીરી સહ જણાવવાનું કે મારા પતિશ્રી / પુત્રશ્રી / પિતાશ્રી
કુંદન રામદાસ શાહ
ગુરૂવાર તા.૨૯.૧૦.૨૦૨૬ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.

સદ્ગતની પ્રાર્થના સભા
શુક્રવાર તા.૩૦.૧૦.૨૦૨૬ ના રોજ સવારે ૯.૩૦ થી ૧૧ કલાક દરમ્યાન મલ્ટીપર્પસ હોલ, ભરતીઆ પોલિટેકનિક ઈન એનિમલ હસબન્ડરી કોલેજ (BPAH College), શ્રી સુરત પાજરાપોળ, ઘોડદોડ રોડ, સુરત ખાતે રાખેલ છે.

સ્વ.કુંદન રામદાસ શાહ
સ્વ.તા.૨૯.૧૦.૨૦૨૬

લિ. ગં.સ્વ.દક્ષા કુંદન શાહ (પત્ની)

રામદાસ મગનલાલ શાહ(પિતા) | સ્વ.સુમનબેન રામદાસ શાહ(માતા)
નિતીન કુંદન શાહ(પુત્ર) | લલિત રામદાસ શાહ(ભાઈ)
પ્રણવ કુંદન શાહ(પુત્ર) | નયના લલિત શાહ(ભાભી)
મધુ નિતીન શાહ(પુત્રવધુ) | સ્વ.પંકજ રામદાસ શાહ(ભાઈ)
અલારા નિતીન શાહ(પૌત્રી)
અને સમસ્ત એમ.જગદંબા – કલકત્તાવાળા પરિવાર

બીજી પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ



સ્વ. કુસુમબેન મહેન્દ્રભાઈ ગણેશવાલા
સ્વ.તા. ૩૦/૧૦/૨૦૨૪
આપના પૂણ્યત્માની દિવ્ય જ્યોતિનો પ્રકાશ અમોને સદૈવ આત્મબળ અને પ્રેરણા આપતો રહેશે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના...
લિ.
સ્વ. મહેન્દ્રભાઈ જયંતીલાલ ગણેશવાલા
મનીષ મહેન્દ્રભાઈ ગણેશવાલા | હીના મનીષ ગણેશવાલા
અજય મહેન્દ્રભાઈ ગણેશવાલા | એકતા અજય ગણેશવાલા
ડો. ઉદય મનીષ ગણેશવાલા | અમીતા ધર્મેશભાઈ ચીનાઈવાલા
રાજવીર અજય ગણેશવાલા | નિમીષા દિલીપભાઈ ગાંધી
ચેશા લય ગાંધી | પારૂલ દીનેશભાઈ ઘાએલ
તથા સમસ્ત ગણેશવાલા પરિવાર

॥ પિતરાઈ ભાઈ એવા સ્નેહી મિત્રને અશ્રુભીની શ્રધ્ધાંજલિ ॥



સ્વ. હરેન્દ્ર ઉર્ફે પમ્પીભાઈ ઈશ્વરલાલ પટેલ
જન્મ તા. ૨૨/૦૬/૧૯૫૫ – સ્વ. તા. ૨૬/૧૦/૨૦૨૬
મારા સગાભાઈ સમાન તેમજ પરમ સ્નેહી એવા હરેન્દ્ર ઉર્ફે પમ્પીભાઈ સાવ અચાનક આ ફાની દુનિયા છોડી અનંતની યાત્રાએ ચાલ્યાં ગયા... તેઓની અકાળે વસમી વિદાય ખૂબ પીડા દાયક છે. પરંતુ ઈશ્વરીય સત્તા સમક્ષ આપણે સૌ લાચાર છીએ. તે પણ હકીકત છે. તેમની અચાનક ગેરહાજરીથી હું અને મારો પરિવાર ખૂબ જ વ્યથિત છીએ. તેમના આકસ્મિક અવસાનથી આવી પડેલા આઘાતને સહન કરવાની પ્રભુ તેમના પરિવારને શકિત આપે તેવી પ્રાર્થના.. પરમકૃપાળુ પરમાત્મા તેમના પુણ્ય આત્માને શાંતિ અર્પે અને મોક્ષ આપે તેવી અભ્યર્થના..
લિ.
દીપક ધીરૂભાઈ ઈજારદાર | ધ્યેય દીપકભાઈ ઈજારદાર
'ભકિતધામ', પોસ્ટ ઓફિસની બાજુમાં, સુલતાનાબાદ, ડુમસ, સુરત.

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને ₹ ૪૫૦૦/- | અંદરના પાને ₹ ૩૦૦૦/- | છેલ્લા પાને કલર ₹ ૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

:: અશુભ ::



અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે અમારા પૂજનીય માતૃશ્રી સ્વ. વાલીબેન ખુશાલભાઈ પટેલ તારીખ ૨૯/૧૦/૨૦૨૬ ને ગુરૂવારના રોજ પ્રભુ ચરણ પામ્યા છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના પવિત્ર આત્માને ચીરશાંતિ અર્પે એ જ પ્રાર્થના. સ્વર્ગસ્થના આત્માના કલ્યાણ અર્થે તેમનું બેસણું નીચે મુજબ રાખેલ છે.
બેસણું તારીખ : ૧/૧૧/૨૦૨૬, રવિવારના રોજ સવારે ૯ થી ૧૨
સ્થળ : મુ. પો. વેલુક, તા. ઓલપાડ, જી. સુરત.
સ્વ. વાલીબેન ખુશાલભાઈ પટેલ
સ્વ. તા. ૨૯/૧૦/૨૦૨૬
મુ.પો. વેલુક, તા. ઓલપાડ, જી. સુરત
: શોકાતુર :
શ્રી કમલેશભાઈ ખુશાલભાઈ પટેલ શ્રી પ્રમોદભાઈ ખુશાલભાઈ પટેલ
તથા સમસ્ત પટેલ પરિવાર

નવમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



આપનું જવું પરિવારને મન હંમેશ દુઃખદ જ રહ્યું છે પણ આપની વાર તહેવારની હાજરી સાથે જે ઉમળકો રહેતો હતો તે હંમેશ અમારી સાથે રહેશે. પરિવાર માટે આપનું વ્યકિતત્વ પ્રેરક રહેશે. પ્રભુ આપના પવિત્ર આત્માને શાંતિ અર્પે એવી અમારી પણ પ્રાર્થના.
સ્વ. પ્રકાશભાઈ ઉર્ફે પપ્પુભાઈ જમનાદાસ દેવકર
સ્વ.તા. ૩૦/૧૦/૨૦૧૭
લિ.
પાર્વતીબેન દેવકર (માતા) | અનિલભાઈ દેવકર (ભાઈ)
રંજનબેન દેવકર (પત્નિ) | અશ્વિનભાઈ દેવકર (ભાઈ)
કેવલ દેવકર (પુત્ર) | કલાબેન ભગવાવાલા (બેન)
કિન્ના દેવકર (પુત્રી) | આશાબેન બકકરીયા (બેન)

ભાવભીની શ્રધ્ધાંજલિ



ક્ષણે ક્ષણે એક ક્ષણને યાદ કરીએ છીએ, જયારે આપ હતા અમારી જોડે, ક્ષણે ક્ષણે આ ક્ષણોનો ખાલીપો અનુભવીએ છીએ, જયારે આપ નથી અમારી વચ્ચે, પરિવાર માટેની અપાર મમતા, બધી યાદો સાચવી છે અમે અમારા હૈયામાં.
પ્રભુ તમારા દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
સ્વ. ભીખુભાઈ રતનજીભાઈ આહિર
જન્મ તા. ૦૧/૦૬/૧૯૫૭
સ્વ. તા. ૨૦/૧૦/૨૦૨૬
લિ. (બહેન) ગોમીબેન વલ્લભભાઈ આહિર - હજીરા
(બહેન) ભાણીબેન ઠાકોરભાઈ આહિર - ઉધના
(બહેન) દાહીબેન પરભુભાઈ આહિર - બરબોધન
(બહેન) કુંવરબેન જગુભાઈ આહિર - ભટલાઈ
(બહેન) ભાનુબેન ડાહ્યાભાઈ આહિર - પિંજરત